| | રૂ. |
|---|---|
| કરારમાંથી મળેલ રોકડ | ૩૩૭૫૦૦ |
| બીન પ્રમાણિત કામ | ૩૦૦૦૦ |
| માલ સામાન (વણવપરાયેલ) | ૯૫૦૦ |
| જગ્યા પર યંત્ર (ઘસારા બાદ કિ.) | ૨૫૫૦૦ |
| ચૂક.બાકી મજૂરી | ૨૬૦૦ |
| અનામત નફો | ૨૫૦૦૦ |

૩૧-૧૨-૧૮ ના રોજ પૂરા થતા વર્ષ માટેની કરારની માહિતી નીચે મુજબ છે.

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| મોકલેલ માલ | ૧૭૦૦૦૦ | મજુરી | ૯૦૨૦૦ |
| અન્ય કરાર પર મોકલેલ માલ | ૩૨૦૦૦ | અન્ય ખર્ચા | ૧૧૮૦૦ |
| અન્ય કરાર પરથી મળેલ માલ | ૯૫૦૦૦ | મોકલેલ અન્ય યંત્રો(૧-૯-૧૮) | ૧૨૦૦૦ |
| ફાળવેલ પરોક્ષ ખર્ચા | ૪૫૦૦૦ | પ્રમાણિત કામ (૩૧-૧૨-૧૮) | ૧૦૦૦૦૦૦ |
| સ્ટોર્સમાં પરત કરેલ માલ | ૩૨૦૦ | માલસામાન(તા.૩૧-૧૨-૧૮) | ૨૩૯૨૫ |
| જગ્યાપરથી ચોરાયેલ માલ(પ.કિ.) | ૨૮૦૦ | ચૂક.બાકી મજુરી(૩૧-૧૨-૧૮) | ૭૪૦૦ |
| વેચેલ માલ (પ.કિ. રૂા.૬૮૦૦) | ૮૦૦૦ | | |

યંત્રો પર ૧૫% ઘસારાની જોગવાઈ કરો. તા.૩૧-૧૨-૧૮ ના રોજ બિન પ્રમાણિત કામની પડતર રૂા.૨૭૦૦૦ હતી. કરાર લેનાર રોકડના ધોરણે ૨/૩ નફો ન.નુ. ખાતે લઈ જાય છે. ૨૦૧૭ ના વર્ષનું ચાલુ કામ ખાતુ અને ૨૦૧૮ના વર્ષ માટેનું કરાર ખાતું તૈયાર કરો. જરૂરી ગણતરી દર્શાવો.

પ્ર.૨ પટેલ ટ્રાન્સપોર્ટ કંપનીને બસો દોડાવવા માટે ૫૦ કિ.મી. લાંબો માર્ગ આપવામાં આવેલ છે. (૧૫)
કંપની પાસે બે બસો છે. જે દરેકની કિંમત રૂા.૪૪૦૦૦૦ છે. અને દરેક બસની ભંગાર કિંમત રૂા.૨૦૦૦૦ છે. તથા અંદાજીત આયુષ્ય ૮ વર્ષનું ધરાવે છે. નીચે આપેલ અંદાજીત ખર્ચા અને અન્ય વિગતો પરથી પેસેન્જર કીલોમીટર દીઠ પડતર અને ભાડાની આવક પર ૫૦% નફો મળે એમ ધારી, પેસેન્જર પાસેથી એક બાજુની મુસાફરી માટે લેવાના બસ ભાડાની રકમની ગણતરી કરો.

| | |
|---|---|
| દરેક બસની વાર્ષિક ટેક્સ | રૂા.૪૨૦૦૦ |
| કુલ ગેરેજ ભાડું(બે બસ માટેનું) માસિક | રૂા.૬૦૦૦ |
| દરેક બસના ડ્રાઈવરનો પગાર માસિક | રૂા.૨૦૦૦ |
| દરેક બસના કન્ડકટરનો પગાર માસિક | રૂા.૯૦૦ |
| વહીવટી ખર્ચ (બે બસ માટેનો) | રૂા.૩૬૦૦૦ |

વીમાનો ખર્ચ વાર્ષિક ૩% લેખે દરેક બસનો મરામત ખર્ચ ઘસારાના ૬૦% લેખે. ડીઝલ અને ઓઈલ ૧૦૦ કિ.મી. એ. ૧૦ લીટર વપરાય છે. અને તેની એક લીટર દીઠ કિંમત રૂા.૨૧ છે.

દરેક બસ દરેક ટ્રીપ વખતે સરેરાશ ૫૦ પેસેન્જરોને લઈ જઈને દરરોજ ચાર આવતા જતાં ટ્રિપો કરશે. મહિનામાં સરેરાશ ૨૫ દિવસો બસ દોડશે.

**અથવા**

પ્ર.૨ એક ટ્રાન્સપોર્ટ કંપની પાસે નીચે મુજબનાં વાહનો છે. (૧૫)

| વાહનોની સંખ્યા | વર્ણન |
|---|---|
| ૨૫ | ૧૦ ટનની ટ્રકો |
| ૨૫ | ૮ ટનની ટ્રકો |
| ૬૦ | ૬ ટનની ટ્રકો |
| ૪૦ | ૪ ટનની ટ્રકો |